# ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ

બોર્ડ નિગમ વિસ્તાર, સેકટર – ૧૦/એ, ગાંધીનગર – ૩૮૨૦૧૦

ફોનઃ ૨૩૨-૫૦૨૯૬/૫૦૩૩૨/૫૦૨૯૪ ફેકસઃ (૦૭૯) ૨૩૨ -૫૦૨૮૦

E-Mail : gmfb1@yahoo.co.in Web : www.gmfb.in


ક્રમાંક : મફબ/અડક/યુ.૯/૨૦૧૩/૯૭ તા. 17 JAN

વંચાણે લીધાઃ-

૧. સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનો તા.૧૭-૦૮-૨૦૧૨નો ઠરાવ ક્રમાંકઃ પરચ/૧૦૨૦૧૨/૨૬૦૪-૫

૨. સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનો તા.૧૮-૦૯-૨૦૧૨નો પત્ર ક્રમાંકઃ પરચ/૧૦૨૦૧૨/૨૬૦૪-૫

૩. સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનો તા.૦૯-૦૧-૨૦૧૩નો ઠરાવ ક્રમાંકઃ પરચ/૧૦૨૦૧૨/૨૬૦૪-૫

દફતરી હુકમઃ-

આમુખમાં દર્શાવેલ સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૧૭-૦૮-૨૦૧૨ના ઠરાવથી, રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ તરફથી કરવામાં આવેલ જોગવાઇ મુજબ સને-૨૦૧૨-૧૩ના વર્ષ માટે સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મ જયંતી ઉજવણીના પ્રસંગે મહાનગરોમાં જાહેર સ્થળો તેમજ બાગ-બગીચાઓમાં જાહેર જનતા ઉપયોગ કરી શકે તે મુજબ સ્વાસ્થ્ય સુધારણાને લક્ષમાં રાખી ફીઝીકલ ફીટનેશના સાધનો વસાવવા માટે રૂા.૧૦/- કરોડની રકમ ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડને હવાલે મુકવામાં આવેલ છે. બાદમાં વંચાણે લીધેલ ક્રમ-૨ ઉપરના તા.૧૮-૦૯-૧૨ના પત્રથી સરકારશ્રીએ ઉપરોકત રકમના ઉપયોગ અંગેની માર્ગદર્શક સૂચનાઓ આપેલ છે. તદઅનુસાર વંચાણે લીધેલ ક્રમ -૩ ઉપરના તા.૯-૧-૨૦૧૩ના ઠરાવથી સદરહુ રૂા.૧૦/- કરોડની કુલ ૮ મહાનગરપાલિકાઓને મહાનગરપાલિકાવાર ફાળવણી કરી સંબંધિત મહાનગરપાલિકાઓને ગ્રાંટની ચૂકવણી કરવા મંજુરી આપેલ છે. તે અનુસાર રાજયની કુલ ૮ મહાનગરપાલિકાઓને નીચે દર્શાવેલ વિગતો અને શરતો મુજબ કુલ રૂા. ૧૦/- કરોડની ગ્રાંટની ચૂકવણી કરવાનો આથી આદેશ કરવામાં આવે છે.

| ક્રમ | મહાનગરપાલિકાનું નામ | રકમ રૂા. લાખમાં |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૪૦૦.૦૦ |
| ૨ | સુરત | ૨૫૭.૦૦ |
| ૩ | વડોદરા | ૧૨૬.૦૦ |
| ૪ | રાજકોટ | ૮૬.૦૦ |
| ૫ | ભાવનગર | ૪૫.૫૬ |
| ૬ | જામનગર | ૪૩.૦૦ |
| ૭ | જુનાગઢ | ૨૩.૭૧ |
| ૮ | ગાંધીનગર | ૧૮.૭૩ |
| | કુલ | ૧૦૦૦.૦૦ |

શરતો:-

૧. આ યોજના હેઠળ ચૂકવેલ ગ્રાંટમાંથી મહાનગરપાલિકાઓને વંચાણે લીધેલ ક્રમ-૨ ઉપર જણાવેલ તા.૧૮-૦૯-૨૦૧૨ના પત્રથી આપેલ માર્ગદર્શક સૂચનાઓ મુજબ તેમના કામો પસંદ કરી તેમની આંતરીક વ્યવસ્થાનો ઉપયોગ કરી વહીવટી અને તાંત્રિક મંજુરી પ્રક્રિયા પુરી કરીને કામો હાથ ધરવાના રહેશે. જે અંગે વંચાણે લીધેલ ક્રમ – ૩ ઉપરના સરકારશ્રીના તા.૦૯-૦૧-૨૦૧૩ના ઠરાવથી સૈધ્ધાંતિક અને વહીવટી મંજુરી આપવામાં આવેલ છે.

૨. આ યોજના હેઠળ કરવામાં આવેલ ખર્ચની વિગતો સાથેના ગ્રાંટ વપરાશના પ્રમાણપત્રો ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડને ચાલુ નાણાંકીય વર્ષના આખર સુધીમાં મોકલી આપવાના રહેશે.

ઉપરોકત રૂા. ૧૦/- કરોડની રકમનો ખર્ચ વંચાણે લીધેલ ક્રમ-૧ ઉપરના તા.૧૭-૦૮-૨૦૧૨ના ઠરાવથી સરકારશ્રીએ આ યોજના હેઠળ બોર્ડ હસ્તક મુકેલ રૂા.૧૦/- કરોડની ગ્રાંટમાંથી પાડવાનો રહેશે.

રવાના કર્યું

ISSUED

સહી/-

નાયબ નિયામક(ગ્રાંટ)
ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ

મુખ્ય કારોબારી અધિકારી
ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ

પ્રતિ,
કમિશ્નરશ્રી,
અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર, જામનગર, જુનાગઢ અને ગાંધીનગર મહાનગરપાલિકાઓ.

નકલ સવિનય રવાના:-

૧. નાયબ સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, (ઘ-શાખા), સચિવાલય, ગાંધીનગર.
૨. મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની, લી., ગાંધીનગર
૩. અધિક મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન, ગાંધીનગર.
૪. નાયબ સચિવશ્રી, રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૫. નાયબ નિયામકશ્રી (નાણાં), ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ, ગાંધીનગર.... તરફ ઉપરોકત દફતરી હુકમની વિગતે કુલ ૮ મહાનગરપાલિકાઓને નીચે દર્શાવેલ વિગતે કોલમ નં.૩માં દર્શાવેલ રકમ સંબંધિત મહાનગરપાલિકાના કમિશ્નરશ્રીના બેંક ખાતામાં જમા કરાવવા સત્વરે કાર્યવાહી કરવી.

| ક્રમ | મહાનગરપાલિકાનું નામ | રકમ રૂા. લાખમાં |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૪૦૦.00 |
| ૨ | સુરત | ૨૫૭.00 |
| ૩ | વડોદરા | ૧૨૬.00 |
| ૪ | રાજકોટ | ૮૬.00 |
| ૫ | ભાવનગર | ૪૫.૫૬ |
| ૬ | જામનગર | ૪૩.00 |
| ૭ | જુનાગઢ | ૨૩.૭૧ |
| ૮ | ગાંધીનગર | ૧૮.૭૩ |
| | કુલ | ૧૦૦૦.00 |

૬. સિલેકટ ફાઇલ